**અમદાવાદ ના મહે.અધિક ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં ૧૦ મા**

**CRIMINAL CASE NO.146979/2021**

**આંક–૦૧ લગત હુકમ**

**૧.** એ.પી.પી.શ્રીને સાંભળ્યા,કેસનું રેકર્ડ ધ્યાને લેતા, ક્રિ.પ્રો.કોડની કલમ–૧૫૪ મુજબ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ફર્સ્ટ ઈન્ફોરમેશન રીપોર્ટ (એફ.આઈ.આર) ના અનુસંધાનમાં તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આ કામના આરોપી વિરૂધ્ધ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ ધ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાના ભંગ બદલ ઇન્ડીયન પીનલ કોડની કલમ–૧૮૮ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૫૧(બી) મુજબ ના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

**૨.** ચાર્જશીટ મુજબનાં ગુના અંગેની કાયદાકીય જોગવાઈ જોઈએ, તો ઇન્ડીયન પીનલ કોડની કલમ–૧૮૮ ની જોગવાઈ નીચે મુજબ છે.

**188. Disobedience to order duly promulgated by public servant.--**

Whoever, knowing that, by an order promulgated by a public servant lawfully empowered to promulgate such order, he is directed to abstain from a certain act, or to take certain order with certain property in his possession or under his management. disobeys such direction, shall, if such disobedience causes or tends to cause obstruction, annoyance or injury, or risk of obstruction, annoyance or injury, to any persons lawfully employed, be punished with simple imprisonment for a term which may extend to one month or with fine which may extend to two hundred rupees, or with both: and if

such disobedience causes or tends to cause danger to human life, health or safety, or causes or tends to cause a riot or affray, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.

ઉપરોકત ગુના અંગે કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો કોર્ટ ક્રી.પ્રો.કોડની કલમ–૧૯૫ ની જોગવાઈ મુજબનાં સંજોગોમાં જ ગુન્હાનું કોગ્નીઝન્સ લેવા સક્ષમ છે. એટલે કે, કલમ–૧૯૫ માં કરેલ જોગવાઈનું પાલન થતું ન હોય, તો કોર્ટ તેવા ગુનાનું કોગ્નીઝન્સ લઈ શકે નહિ. જે જોગવાઈ નીચે મુજબની છે.

**195. Prosecution for contempt of lawful authority of public servants, for offences against public justice and for offences relating to documents given in evidence.**

(1) No Court shall take cognizance-

(a) (i) of any offence punishable under sections 172 to 188 (both inclusive) of the Indian Penal Code (45 of 1860 ), or_
(ii) of any abetment of, or attempt to commit, such offence, or
(iii) of any criminal conspiracy to commit such offence,
except on the complaint in writing of the public servant concerned or of some other public servant to whom he is administratively subordinate;

(b) ............................................,

ઉપરોકત જોગવાઈ મુજબ ઈન્ડીયન પીનલ કોડની કલમ – ૧૭૨ થી ૧૮૮ સુધીનાં ગુના અંગેનું કોર્ટ કોગ્નીઝન્સ તો જ લઈ શકે, જો સંલગ્ન જાહેર સેવક ધ્વારા અથવા તો તે જાહેર સેવક જેનાં વહીવટી નિયંત્રણ હેઠળ હોય, તેનાં ધ્વારા લેખિતમાં કોર્ટને તે ગુના અંગેની ફરિયાદ કરવામાં આવે. હાલનાં કેસનાં

રેકર્ડને જોતા  આ કેસમાં પોલીસ કમિશનર ધ્વારા તેઓએ બહાર પાડેલ જાહેરનામાનો ભંગ થયેલ છે, તેવી કોઈ લેખિત ફરિયાદ કોર્ટને કરેલ નથી. પોલીસ કર્મચારી ધ્વારા આરોપી વિરૂધ્ધ તેમ નાં પોલીસ સ્ટેશનમાં ગુનો બન્યાની હકીકત જાહેર કરતાં, એફ.આઈ.આર. કરવામાં આવેલ છે અને તેનાં આધારે તપાસ કરી, ચાર્જશીટ રજૂ થયેલ છે. આ સંજોગોમાં ઈન્ડીયન પીનલ કોડની કલમ–૧૮૮ નાં ગુના અંગેનું કોગ્નીઝન્સ ચાર્જશીટ આધારે લેવા સામે બાધ છે.

**૩.** આ કામનાં ગુન્હાનું ચાર્જશીટ રજૂ થતાં ચાર્જશીટ ચકાસતા આક્ષેપીત ગુન્હાની હકીકત ધ્યાને લેતા સદર કેસ રેકર્ડમાં રહે તે માટે સદર કેસને ક્રિમીનલ કેસ રજીસ્ટરમાં નોંધવામાં આવેલ છે અને ફરીયાદપક્ષ તરફે એ.પી.પી.શ્રીને સાંભળવાનાં સ્ટેજ પર રાખવામાં આવેલ છે.એ.પી.પી.શ્રીની રજૂઆત છે કે, ઈન્ડીયન પીનલ કોડની કલમ–૧૮૮ નો ગુનો કોગ્નીઝેબલ છે. તેથી, પોલીસને ચાર્જશીટ રજૂ કરવા અધિકાર છે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા Zala Jayvantsinh Faljibhai vs State Of Gujarat on 9 December, 2003 નાં ચુકાદામાં ઠરાવેલ છે. જેથી, કોગ્નીઝન્સ લઈ, આગળ કાર્યવાહી કરવી જોઈએ.

ઈન્ડીયન પીનલ કોડની કલમ–૧૮૮ નો ગુનો ગુજરાત સરકાર ધ્વારા ઉપરોકત જાહેરનામાથી કોગ્નીઝેબલ બનાવેલ છે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે તે જાહેરનામું કાયદેસર હોવાનું ઠરાવેલ છે, તે ખરૂં છે. પરંતુ, તે માટે કોગ્નીઝેબલ ગુનો એટલે શું ? તેમજ ક્રી.પ્રો.કોડની કલમ–૧૯૫ માં ''ફરિયાદ'' શબ્દ લખેલ છે, તે માટેની વ્યાખ્યા શું છે તથા પોલીસ રિપોર્ટની વ્યાખ્યા શું છે, તે ધ્યાને લેવી જરૂરી છે.

**(c)** " **cognizable offence**" means an offence for which, and" cognizable case" means a case in which, a police officer may, in

accordance with the First Schedule or under any other law for the time being in force, arrest without warrant;

(r) " **police report**" means a report forwarded by a police officer to Magistrate under sub- section (2) of section 173;

**Section 2(d)**

(d) " complaint" means any allegation made orally or in writing to a Magistrate, with a view to his taking action under this Code, that some person, whether known or unknown, has committed an offence, but does not include a police report. Explanation.- A report made by a police officer in a case which discloses, after investigation, the commission of a non- cognizable offence shall be deemed to be a complaint; and the police officer by whom such report is made shall be deemed to be the complainant;

ઉપરોકત કોગ્નીઝેબલ ગુનાની વ્યાખ્યા મુજબ, એવો ગુનો કે જેમાં પોલીસ વોરન્ટ વિના આરોપીને એરેસ્ટ કરી શકે છે. આ સંજોગોમાં કોગ્નીઝેબલ ગુનો બનવાથી આરોપીને વોરન્ટ વિના અટક કરવાનો પોલીસને અધિકાર મળે છે તેમજ જયારે પોલીસ સ્ટેશન ઓફિસરને કોગ્નીઝેબલ ગુનાની માહિતી આપવામાં આવે, ત્યારે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૫૪ મુજબ તેને નોંધવાની છે. એટલે કે, એફ. આઈ. આર. બનાવવાની છે. એફ. આઈ. આર. બન્યાં પછી, ક્રિ.પ્રો.કોડનાં પ્રકરણ–૧૨ માં જણાવેલ જોગવાઈ મુજબ પોલીસને તપાસ કરવા અધિકાર મળે છે. પરંતુ, એટલાં માત્રથી ક્રિ.પ્રો.કોડનાં પ્રકરણ–૧૪ માં દર્શાવેલ કલમ–૧૯૦ મુજબ પોલીસ રિપોર્ટ ઉપરથી કોગ્નીઝન્સ લેવાનાં કોર્ટને અધિકાર મળતાં નથી. કારણ કે, પોલીસ તપાસનો રિપોર્ટ રજૂ થયા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૦(૧) (બી) ની જોગવાઈ મુજબ કોર્ટે ગુનાનું કોગ્નીઝન્સ લેવું, તે સામાન્ય નિયમ છે. પરંતુ,

કલમ–૧૯૫ દ્વારા તેમાં અપવાદ ઉભો કરેલ છે. એટલે કે, જો કલમ–૧૯૫ નાં સંજોગો હોય, તો તેમાં કરેલ જોગવાઈ અને જરૂરિયાતનું પાલન થતું ન હોય, તો કોર્ટ પોલીસ રિપોર્ટ ઉપરથી ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૦(૧)(બી) મુજબ પણ ગુનાનું કોગ્નીઝન્સ લઈ શકે નહિ. જે કલમ–૧૯૦ ની જોગવાઈ નીચે મુજબની છે.

190.**Cognizance of offences by Magistrates.**-

(1) Subject to the provisions of this Chapter, any Magistrate of the first class, and any Magistrate of the second class specially empowered in this behalf under sub-section (2), may take cognizance of any offence -

(a) upon receiving a complaint of facts which constitute such offence;
(b) upon a police report of such facts;
(c) upon information received from any person other than a police officer, or upon his ownknowledge, that such offence has been committed.

૪. આ ઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટે આ અંગે અલગ–અલગ ચુકાદાઓમાં તારણો આપેલ છે, જે પણ હાલનાં કેસને લાગૂ પડે છે.જે નીચે મુજબ છે.

**State Of Punjab vs Raj Singh And Anr on 16 January, 1998 , (1998) 2 SCC 391** નાં ચુકાદામાં ઠરાવેલ છે કે,
We are unable to sustain the impugned order of the High Court quashing the F.I.R. lodged against the respondents alleging commission of offences under Sections 467 and 468 I.P.C. by Chem in course of the proceeding of a civil suit, on the ground that Section 195 (1) (b) (ii) Cr.P.C. prohibited entertainment of and investigation into the same by the police. From a plain reading of Section 195 Cr.P.C. it is manifest that it comes into operation at the stage when the Court intends to take cognizance of an offence under Section 190(1) Cr. P.C.; and it has nothing to do with the statutory power of the police to investigate into an F.I.R. which discloses a cognisable offence, in accordance with Chapter XII of the Code even if the offence is alleged to have been committed in, or in relation to, any proceeding in Court. In other words, the statutory power of the Police to investigate under the Code is not in any way controlled or

circumscribed by Section 195 Cr.P.C. It is of course true that upon the charge-sheet (challan), if any, filed on completion of the investigation into such an offence the Court would not be competent to take cognizance thereof in view of the embargo of Section 195(1) (b) Cr. P. C. , but nothing therein deters the Court from filing a complaint for the offence on the basis of the F.I.R. (filed by the aggrieved private party) and the materials collected during investigation, provided it forms the requisite opinion and follows the procedure laid down tin section 340 Cr. P.C. The judgment of this Court in Gopal Krishna Menon and Anr. Vs. D. Raja Reddy [AIR 1983 SC 1053], on which the High Court relied, has no manner of application to the facts of the instant case for there cognizance was taken on a private complaint even though the offence of forgery was committed in respect of a money receipt produced in the Civil Court and hence it was held that the Court could not take cognizance on such a complaint in view of Section 195 Cr. P. C.

M.S. Ahlawat v. State of Haryana & Anr., AIR 2000 SC 168, : નાં ચુકાદામાં ઠરાવેલ છે કે,

"....Provisions of Section 195 CrPC are mandatory and no court has jurisdiction to take cognizance of any of the offences mentioned therein unless there is a complaint in writing as required under that section." (Emphasis added)

Sachida Nand Singh & Anr. v. State of Bihar & Anr., (1998) 2 SCC 493, : નાં ચુકાદામાં ઠરાવેલ છે કે,

"7. ..Section 190 of the Code empowers "any magistrate of the first class" to take cognizance of "any offence" upon receiving a complaint, or police report or information or upon his own knowledge. Section 195 restricts such general powers of the magistrate, and the general right of a person to move the court with a complaint to that extent curtailed. It is a well- recognised canon of interpretation that provision curbing the general jurisdiction of the court must normally receive strict interpretation unless the statute or the context requires otherwise." (Emphasis supplied)

Daulat Ram v. State of Punjab, AIR 1962 SC 1206, વાળા કેસમાં પોલીસ

રિપોર્ટ આધારે મેજિસ્ટ્રેટ દ્વારા કોગ્નીઝન્સ લેવામાં આવેલ અને ટ્રાયલ ચલાવી આરોપીને દોષિત જાહેર કરેલ. કે જેમાં લાગતાં-વળગતાં જાહેર સેવક તહસીલદાર દ્વારા ફરિયાદ કરવામાં આવેલ ન હતી, તે કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ કે,

"The cognizance of the case was therefore wrongly assumed by the court without the complaint in writing of the public servant, namely, the Tahsildar in this case. The trial was thus without jurisdiction ab initio and the conviction cannot be maintained. The appeal is, therefore, allowed and the conviction of the appellant and the sentence passed on him are set aside." (Emphasis added) 25 Thus, in view of the above, the law can be summarized to the effect that there must be a complaint by the pubic servant whose lawful order has not been complied with. The complaint must be in writing. The provisions of Section 195 Cr.PC are mandatory. Non-compliance of it would vitiate the prosecution and all other consequential orders. The Court cannot assume the cognizance of the case without such complaint. In the absence of such a complaint, the trial and conviction will be void ab initio being without jurisdiction.

**૫.** આ ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટે પણ નીચેનાં ચુકાદાઓમાં તેવા જ તારણો આપેલ છે.

**BECHAR VALA V. STATE OF GUJARAT No : 509 Year : 2001 Decided on : 27/12/2002** નાં ચુકાદામાં ઠરાવેલ છે કે,

4. On a bare reading of clause (a) to sub-section (i) of section 195 of the Code makes it clear that the court will not be in a position to take cognizance of an offence punishable under section 188 of IPC on the strength of a charge sheet. At this stage, learned APP has argued that on the basis of the material produced with the charge sheet, if the court finds that the offence under section 188 of IPC is made out, then it would be open to the Court to take cognizance of an offence under section 188 of IPC on the basis of the charge sheet submitted before it. It is not possible to agree with the said argument advanced by Mr LR Pujari, learned APP. A simple reason is that there is a bar against taking of cognizance in respect of offence punishable under section 188 of IPC on the strength of charge sheet. Therefore, it is not possible for me to agree with the argument advanced by Mr Pujari, learned APP that the court can take cognizance on the basis of charge sheet in respect of the offence punishable under section 188

of IPC. In fact even learned advocate appearing for the contesting respondent also agrees that the court cannot take cognizance in respect of an offence punishable under section 188 of IPC on the strength of a charge sheet. Therefore, I am of the opinion that the court would not be in a position to take cognizance of an offence under section 188 of IPC on the basis of a charge sheet which may be submitted to the Court by the Investigating Police Officer on conclusion of the investigation.

5. However, it is also required to be considered that the offence which are shown to be cognizable are enumerated in the table in the form of First Schedule to the Code. There we find that the offence punishable under section 188 is shown as cognizable offence. This would mean that this offence under section 188 of IPC is cognizable. Once it is held that an offence is cognizable offence, it would be open to the police investigating officer or an officer in-charge of a police station to start investigation and to conclude the same. A Magistrate may not be in a position to take cognizance of an offence but that would not take away the said power, function and duty of a police station officer to investigate a cognizable offence. In the present case, the offence punishable under section 188 of IPC is a cognizable offence and, therefore, the Investigating Officer would naturally be bound to carry on the investigation in accordance with law.

**Merubhai Mandanbhai Chandera & vs State Of Gujarat &, R/CR.MA/17286/2017 10/11/ 2017 R/CR.MA/17286/2017** નાં ચુકાદામાં ઠરાવેલ છે કે**,**

46. In some of the applications before me, the only offence is either section 186 or 188 of the IPC. In such type of cases, there should not be any difficulty in quashing the prosecution in view of the bar of section 195 of the Cr.P.C. However, there are few cases on hand, in which, over and above sections 186 or 188 of the I.P.C, the other offence sare also there which are not covered under section 195 of the Cr.P.C. It is only in such cases, the court has to be careful. I have noticed that in some of the cases, there is a charge of section 353 of the IPC along with section 186 of the IPC I am of the vie that the very act of obstruction lies in the alleged assault and use of criminal force. In truth and substance, such an offence would fall in the category of sections mentioned in section 195 of the Code and it

is not open to byepass its provisions even by choosing to prosecute under section 353 of the IPC only. There is no scope, in any of the matters on hand, having regard to the materials on record, to split up the offences so as to avoid the bar of section 195 of the Cr.P.C as all theoffences can be said to have been committed in the course of one transaction. All the offences can be said to have been an integral part of one transaction.

6 Mr. Dave, the learned counsel would submit that the chargesheet is also filed for the offence punishable under Section 504 of the I.P.C. Section 504 of the I.P.C. is not to be found in Section 195 of the Cr.P.C., and therefore, it would be within the powers of the Magistrate concerned to take cognizance of the offence punishable under Section 504 of the I.P.C. I am afraid it is not permissible for this Court to accept the settlement. his aspect has also been well considered by me in the decision referre d to above. In the facts of this case, it is not possible to separate the o ffence punishable under Section 186 with Section 504 of the I.P.C. B oth the offences could be said to have been committed in the course of one transaction. If it is not permissible for this Court to spli t the offences, then the bar of Section 195 of Cr.P.C. would apply even those offences of the I.P.C. which are not falling within the ambit of Section 195 of the Cr.P.C.

ઉપરોકત ચુકાદાઓ ધ્યાને લેતાં, ઈન્ડીયન પીનલ કોડની કલમ –૧૮૮ નાં ગુના અંગે પોલીસ રિપોર્ટ એટલે કે, ચાર્જશીટનાં આધારે કોર્ટને કોગ્નીઝન્સ લેવા સામે બાધ છે. જો, ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૫ ની જોગવાઈ મુજબ જેનાં હુકમનો ભંગ થયેલ હોય, તે જાહેર સેવક અથવા તેનાં વહીવટી ઉપરી અધિકારી દ્વારા કોર્ટમાં લેખિત ફરિયાદ કરવામાં આવેલ હોય, તો જ તે ગુના અંગેનું કોગ્નીઝન્સ એટલે કે, સંજ્ઞાન લઈને કોર્ટ આગળ ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી શકે. હાલનાં કેસમાં કોર્ટમાં કોઈ લેખિત ફરિયાદ રજૂ કરવામાં આવેલ નથી અને તેથી જ ચાર્જશીટનાં આધારે કોર્ટ દ્બારા ગુન્હાનું કોગ્નીજન્સ લેવામાં આવેલ નથી. ગુનો કોગ્નીઝેબલ બનાવવા માત્રથી ક્રી.પ્રો.કોડની કલમ–૧૯૫ ની જોગવાઈ બિન

અસરકારક બની શકે નહિ.

૬. આ કામે ઈન્ડીયન પીનલ કોડની કલમ–૧૮૮ સાથે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ, ૨૦૦૫ ની કલમ–૫૧ (બી) મુજબના ગુના અંગે પણ ચાર્જશીટ રજૂ થયેલ છે. આ સંજોગોમાં તે કાયદાકીય જોગવાઈઓ જોઈએ, તો નીચે મુજબ છે.

**Section 51. Punishment for obstruction, etc.**

Whoever, without reasonable cause,
(a) obstructs any officer or employee of the Central Government or the State Government, or a person authorised by the National Authority or State Authority or District Authority in the discharge of his functions under this Act; or
(b) refuses to comply with any direction given by or on behalf of the Central Government or the State Government or the National Executive Committee or the State Executive Committee or the District Authority under this Act,shall on conviction be punishable with imprisonment for a term which may extend to one year or with fine, or with both, and if such obstruction or refusal to comply with directions results in loss of lives or imminent danger thereof, shall on conviction be punishable with imprisonment for a term which may extend to two years.

આ કામે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૫૧(બી) લાગૂ પાડેલ છે. તેથી, ઉપરોકત જોગવાઈ મુજબ આપેલ માર્ગદર્શનનું પાલન કરવામાં ન આવે, તો એક વર્ષની કેદ અથવા દંડ તેમજ ગંભીર સંજોગોમાં બે વર્ષ સુધીની કેદની જોગવાઈ છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટમાં કલમ–૫૧ કોગ્નીઝેબલ હોવાની જોગવાઈ નથી. આ સંજોગોમાં ક્રી.પ્રો.કોડનાં પરિશિષ્ટ–૧, ભાગ–૨ માં કરેલ જોગવાઈ લાગૂ પડશે અને તેમાં દર્શાવ્યા મુજબ ત્રણ વર્ષથી ઓછી કેદની સજા અથવા ફકત દંડની સજાની જોગવાઈ હોય, તો તેવા સંજોગોમાં તે ગુનો નોન કોગ્નીઝેબલ ગણાશે. જે જોગવાઈ જોતાં, ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૫૧(બી) મુજબનો ગુનો નોન કોગ્નીઝેબલ છે. વધુમાં આ કલમ–૫૧ (બી) મુજબ નાં ગુના

અંગેનું કોગ્નીઝન્સ લેવા માટે પણ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ –૬૦ માં કરેલ જોગવાઈનું પાલન થવું જરૂરી છે, જે નીચે મુજબ છે–

**Section 60. Cognizance of offences.**

No court shall take cognizance of an offence under this Act except on a complaint made by—
(a) the National Authority, the State Authority, the Central Government, the State Government, the District Authority or any other authority or officer authorised in this behalf by that Authority or Government, as the case may be; or

(b) any person who has given notice of not less than thirty days in the manner prescribed, of the alleged offence and his intention to make a complaint to the National Authority, the State Authority, the Central Government, the State Government, the District Authority or any other authority or officer authorised as aforesaid.

ઉપરોકત જોગવાઈ મુજબ રાષ્ટ્રીય સત્તા મંડળ, રાજય સત્તા મંડળ, કેન્દ્ર સરકાર, રાજય સરકાર, જિલ્લા સત્તા મંડળ અથવા અન્ય સત્તા મંડળ અથવા તે સત્તા મંડળ કે સરકાર ધ્વારા અધિકૃત અધિકારી ધ્વારા લેખિત ફરિયાદ કરવામાં ન આવે, ત્યાં સુધી તે કાયદા તળેનાં કોઈ ગુનાનું કોગ્નીઝન્સ કોર્ટ લઈ શકશે નહિ. હાલનાં કેસમાં જોઈએ, તો અમદાવાદ પોલીસ કમિશનરશ્રી આવા કોઈ સત્તા મંડળમાં કે રાજય સરકારમાં આવતાં નથી કે તેવા કોઈ દસ્તાવેજી આધાર પણ રજૂ થયેલ નથી તેમજ આવા કોઈ સત્તા મંડળ કે રાજય સરકાર ધ્વારા તેઓને અધિકૃત કરવામાં આવેલ હોય, તેવો કોઈ દસ્તાવેજી આધાર રજૂ થયેલ નથી. એક તબક્કે એવુ અનુમાન કરી લેવામાં આવે કે, અમદાવાદ પોલીસ કમિશનરશ્રીને સરકાર ધ્વારા કે સત્તા મંડળ ધ્વારા એફ.આઈ.આર.માં દર્શાવ્યા મુજબનું જાહેરનામું કરવા અધિકૃત કરેલ હતાં, તો પણ આ ગુના અંગેનું કોર્ટ કોગ્નીઝન્સ લઈ શકે તે માટે પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ ધ્વારા જ

કોર્ટમાં લેખિત ફરિયાદ કરવી જોઈએ. હાલનાં કેસમાં કોર્ટમાં પ્રથમથી જ કોઈ લેખિત ફરિયાદ થયેલ નથી. જેથી, ક્રી.પ્રો.કોડની કલમ–૧૯૫ ની જોગવાઈ ધ્યાને લેતાં તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૬૦ ની જોગવાઈ ધ્યાને લેતાં, ચાર્જશીટનાં આધારે કોગ્નીઝન્સ લેવા આ કોર્ટને હકૂમત નથી. વધુમાં ઉપર કરેલ ચર્ચા મુજબ ઇન્ડીયન પીનલ કોડની કલમ–૧૮૮ નાં ગુના અંગે પણ ચાર્જશીટનાં આધારે કોગ્નીઝન્સ લેવા સામે બાધ છે તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ તળેનો ગુનો સજાની જોગવાઈ જોતાં પણ નોન કોગ્નીઝેબલ છે. તે સંજોગોમાં ક્રી.પ્રો.કોડની કલમ–૧૫૫ (૨) ની જોગવાઈ પણ ધ્યાને લઈએ, તો નોન કોગ્નીઝેબલ ગુનામાં કોર્ટની પરવાનગી વિના પોલીસને તપાસ કરવા હકૂમત નથી અને અત્રેની કોર્ટની તેવી કોઈ પરવાનગી લેવામાં આવેલ નથી. હાલનાં કેસની હકીકત જોઈએ, તો પણ ઈન્ડીયન પીનલ કોડની કલમ–૧૮૮ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ, ૨૦૦૫ ની કલમ–૫૧ (બી) મુજબનો ગુનો બન્યાનું ફરિયાદ પક્ષ જણાવે છે, તે પોલીસ કમિશનરશ્રીનાં જાહેરનામાનાં ભંગ અન્વયે છે. આ સંજોગોમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે **Merubhai Mandanbhai Chandera & vs State Of Gujarat** નાં ચુકાદામાં ઠરાવ્યા મુજબ, ઈન્ડીયન પીનલ કોડની કલમ–૧૮૮ થી અન્ય તહોમતવાળા ગુના સ્પ્લીટ થઈ શકે તેમ નથી.

ઉપરોક્ત સમગ્ર ચર્ચા કરી તે મુજબ તેમજ હાલનાં કેસનાં પેપર્સ ધ્યાને લઈ તથા વિ.એ.પી.પી.શ્રીની રજૂઆતો ધ્યાને લેતાં, આ કામે આરોપી સામે ચાર્જશીટનાં આધારે ગુના અંગેનું કોગ્નીઝન્સ લેવા માટે કાયદાકીય બાધ છે અને તેથી તેવું કોઈ કોગ્નીઝન્સ લઈ, ઈન્સાફી કાર્યવાહી કરવા આ

કોર્ટને હકૂમત નથી. જેથી, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## આખરીહુકમ

**૧.** ઇન્ડીયન પીનલ કોડની કલમ–૧૮૮ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૫૧(બી) મુજબ ના ગુન્હાનું રજુ થયેલા ચાર્જશીટ અંગે આ ગુન્હાઓનું કોગ્નીજન્સ લેવા સામે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૫ તથા કલમ–૧૫૫(૨) તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ–૨૦૦૫ ની કલમ–૬૦ મુજબ બાધ હોય જેથી સદર કેસ આથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** અધિકૃત સત્તાધિકારી દ્વારા ક્રિ.પ્રો.કોડ ની કલમ–૧૯૫ (૧) મુજબ યોગ્ય કાર્યવાહી કરી ફરીથી કેસ દાખલ કરી શકે છે.

હુકમ આજ તારીખ– ૧૧ મી, માહે–ડિસેમ્બર , સને–૨૦૨૧ ના રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

**સ્થળ અમદાવાદ**
તા. ૧૧ /૧૨/૨૦૨૧

**( વિનય ડી. મોઢ )**
અધિક ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
(કોર્ટ નં. ૧૦) અમદાવાદ.